ફોજદારી કેસ નં.૮૦૦/૨૦૨૫

## //આંક-૦૧ લગત હુકમ//

**સદરહુ કેસ સમન્સ ટ્રાયેબલ ગુનાનો છે. સદરહુ કેસ અનુસંધાને ગુનો બન્યા તારીખ જોવામાં આવે તો, તા.૧૩/૦૫/૨૦૨૫ના રોજ ગુનો બનેલ હોવાનું જણાય આવે છે. તથા સદરહુ કેસ ક્રિમિનલ રજિસ્ટરે તા.૦૩/૦૭/૨૦૨૫ના રોજ નોંધવામાં આવેલ હોવાનું જણાય છે.** આરોપીને વારંવાર પ્રોસેસો કાઢી પોલીસ એજન્સી મારફતે બજવણી અર્થે મોકલાવતા છતાં સદર પ્રોસેસની બજવણી કરાવી આરોપીને હાજર રખાવી કેસની ઈનસાફી કાર્યવાહી આગળ ચલાવવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. **આમ, ફરિયાદપક્ષે આરોપીને પ્રોસેસ બજવણીમાં સતત નિષ્કાળજી દાખવેલ છે.** જેને કારણે સદરહુ કેસ સહેજ પણ આગળ ચલાવી શકાયેલ નથી અને લાંબા સમયથી નિકાલ બાકી રહેલ છે. તેમ હવે ફરિયાદપક્ષે આરોપીને પ્રોસેસ બજવણી માટે વધુ તકો આપવી એ માત્ર નિરર્થક કસરત બની રહે તેમ છે. **આમ, આરોપી નહિ મળી આવવાના કારણે અને તે તમામ હકીકત અને સંજોગોમાં સદરહુ કેસ બી.એન.એસ.એસ.ની કલમ-૨૮૧ અન્વયે બંધ કરવો યોગ્ય વાજબી અને ન્યાયી જણાતું હોય ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.**

## //હુકમ//

- **આથી સદરહુ કેસ બી.એન.એસ.એસ.ની કલમ-૨૮૧ અન્વયે બંધ કરી આરોપી સામેની કાર્યવાહી પડતી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.**
- **વધુમાં આરોપી જયારે પણ હાજર થાય કે રજૂ થાય ત્યારે ફરિયાદપક્ષ ઈચ્છે તો આરોપી સામે બી.એન.એસ.એસ.ની રેલેવન્ટ જોગવાઈ અનુસાર હાલનો કેસ ફરી ખોલાવી શકશે.**

**સદરહુ હુકમ આજરોજ તારીખઃ૨૨મી, માહેઃએપ્રિલ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

તારીખઃ ૨૨/૦૪/૨૦૨૬.
મુકામઃ ઉપલેટા.

(દેવલ યજ્ઞેશ્વર પટેલ)
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ
ઉપલેટા
**UIC-GJ**01515